# ગોઝારો ગુરૂવાર : કોરોનાએ ૧૫નો ભોગ લીધા

## ગાંધીનગરમાં છેલ્લા ૧૬ દિવસમાં ૧૯૭ કોરોના મૃતકોનો અગ્નિસંસ્કાર કરાયો : રોજ સાંજ ઢળતા અંતિમધામમાં મૃતદેહનો ઢગ ખડકાય છે : નગરની હોસ્પિટલમાં શહેર અને જિલ્લા સહીત બહારના દર્દીઓ ટપોટપ મોતને ભેટતા ઘેરી ચિંતા : મૃતકોમાં મોટાભાગના વડીલો

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં કોલ્ડવેવ વચ્ચે કાતિલ બનતા કોરોનાએ કાળોકેર વર્તાવ્યો છે. કોરોનાના દર્દીઓ વધી રહ્યા છે. જયારે રોજબરોજ અંતિમધામમાં પણ કોવિડના લીધે મોતની ગિરફતમાં ધકેલાયેલા મૃતદેહોનો ઢગ ખડકાય છે. આજે પણ શહેરના રૂદ્ર ભુમિ અને સે-૩૦ અંતિમધામમાં કોવિડના ૧૫ મૃતકોની અંતિમવિધિ કરવામાં આવી હતી. જયારે છેલ્લા ૧૬ દિવસમાં નગરના અંતિમધામમાં અગ્નિદાહમાં હોમાયેલા મૃતકોની સંખ્યા પણ ૧૯૭ પર પહોંચી છે કોરોનાએ મચાવેલા આતંકમાં ટપોટપ મૃતદેહો અગ્નિકુંડમાં હોમાઈ રહ્યા છે. કોરોનાના કહેરથી વધતા મૃત્યુ આંકથી જનજીવન હચમચી ગયુ છે.

દિવાળી બાદ સમગ્ર રાજયમાં કોરોનાએ કાળોકેર વર્તાવ્યો છે. કોરોનાના કેસની સતત વધતી સંખ્યા સમાજ અને સરકાર માટે ઘેરી ચિંતાનો વિષય છે. ત્યારે કોરોનાની મહામારીને અટકાવવા હાલ વેકસિનને અનુલક્ષીને પણ સારા સમાચાર આવી રહ્યા છે. આમછતા હાલના સંજોગોમાં કોરોનાથી બચવા માસ્ક પહેરવા સહીત સોશિયલ ડીસ્ટન્સીંગ સહીતની સાવધાની વર્તવાની અનિવાર્યતા છે.

ત્યારે ગાંધીનગર શહેર અને જિલ્લામાં પણ કોરોનાના કેસનો ગ્રાફ સતત ઉંચો આવી રહ્યો છે. શહેર અને જિલ્લામાં થઈને કુલ રોજબરોજ કોરાનાના ૫૦ થી પણ વધુ કેસ સામે આવી રહ્યા છે. બીજીતરફ કોરોનાના લીધે શહેર અને જિલ્લામાં સરકારી અને ખાનગી હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓનો મૃત્યુઆંક પણ બેઘડી વિચારમાં મુકી દે તેવો છે. કોરોનાના વધતા દર્દીઓ સાથે વધતો મૃત્યુઆંક પણ આઘાતજનક છે. શહેરના અંતિમધામમાં કોરોનાના દર્દીઓના મૃતદેહનો ઢગ ખડકાય છે. શહેરની સિવિલ હોસ્પિટલ તેમજ ખાનગી હોસ્પિટલમાં સારવાર લેતા કોરોનાના દર્દીઓ ટપોટપ મોતને ભેટતા હોવાનો ચિતાર અંતિમધામમાં તાદ્રશ્ય થાય છે. કોરોનાનો આતંક શરૂ થયો ત્યારથી અત્યાર સુધી ગાંધીનગરમાં ૬૬૫ દર્દીઓએ જીવ ગુમાવ્યો છે. જયારે છેલ્લા ૧૫ દિવસની વાત કરીએ તો શહેરના સ્માશાન ધામમાં કોરોના સામે હારી ગયેલા દર્દીઓના મૃતદેહનો રોજબરોજ ઢગ થતો હોય તેવી સ્થિતિ છે. આ કરૂણ દ્રશ્યો હચમચાવી દે તેવા છે. કોરોનાથી ડરવાની જરૂર નથી તે વાત સાચી પરંતુ રોજબરોજ અગ્નિસંસ્કાર માટે આવતા મૃતદેહો જોઈને કોઈપણ નાગરિકમાં ડર પેસી જાય તેવી ભયાવહ સ્થિતિ સર્જાઈ છે. બીજીરીતે પાટનગરમાં જ મૃત્યુઆંક વધુ હોવાથી ભય વધે તે સ્વાભાવિક છે.

છેલ્લા ૧૫ દિવસની વાત કરીએ તો ગઈકાલ સુધીમા શહેર અને જિલ્લામાંથી નગરના અંતિમધામમાં ૧૮૨ મૃતદેહના અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા હતા જયારે આજે પણ વધુ ૧૫ કોરોના મૃતકોની સે-૩૦ અંતિમ ધામ અને રૂદ્રભુમિ ખાતે અંતિમવિધી કરવામાં આવી હતી. જેમાં મુક્તિધામ ખાતે સાંજ સુધીમાં ૪ અને મોડી સાંજે પણ અન્ય ૩ મૃતદેહનો અંતિમસંસ્કાર કરવામાં આવ્યો હતો. દિવસ દરમિયાન કુલ ૭ મૃતદેહની વિધી કરવામાં આવી હતી જયારે ગુડા સંચાલિત રૂદ્ર ભુમિ સ્મશાનમાં શહેરના ૩ ,જિલ્લાના ૨ અને આસપાસના વિસ્તારના ૩ સહીત કુલ ૮ દર્દીઓએ કોવિડના કારણે જીવ ગુમાવતા મૃતદેહને અંતિમવિધી માટે લવાયા હતા. આમ આજના દિવસે જ શહેર અને જિલ્લાના કુલ ૧૫ કોવિડ દર્દીઓના મોત નિપજતા તેમની અંતિમવિધી કરવામાં આવી હતી. આ ઉપરાંત બે વ્યકિતઓના હ્રદયરોગના લીધે પણ મૃત્યુ થયા છે.

આમ છેલ્લા ૧૬ દિવસના સમયગાળામાં ગાંધીનગરમાં કોવિડ વધુ કાતિલ બન્યો છે. જેના લીધે ૧૯૭ દર્દીઓ મોતને ભેટયા હોવાનુ ધ્યાને આવ્યુ છે. અલબત્ત અંતિમધામમાં કોવિડના ૧૯૭ દર્દીઓના અગ્નિસંસ્કાર કરાયા છે. રોજ સાંજ પડતા જ મૃતદેહનો ઢગ ખડકાય છે. ગાંધીનગરમાં કોરોના વધુ કાતિલ બન્યો છે. ગાંધીનગરમાં કોરોના વધુ કાતિલ બન્યો છે. કોરોના ગ્રસ્ત દર્દીઓના મોતનો આંકડો ઉંચકાયો છે. અંતિમધામમાં રોજબરોજ આવતા મૃતદેહો પણ આ વરવી હકીકતને બયાન કરે છે. કોલ્ડવેવમાં કાતિલ બનતા કોરોનાના લીધે રોજ આગમાં ભુંજાતા મૃતદેહોના દ્રશ્યો પણ અત્યંત આઘાતજનક બન્યા છે.

## ગ-માર્ગના પ્રોજેકટને અનુલક્ષી વૃક્ષોની કટોતી મામલે ૧૬ લાખનુ વળતર ચુકવાશે

**ગ-માર્ગને સિકસલેન કરવા અંદાજિત ૭૨૩ વૃક્ષોનુ માર્કીંગ કરાયુ છે**

ગાંધીનગર તા ૩

શહેરના ગ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે હાલ માર્ગની બન્ને બાજુ ખોદકામ અને મેટલકામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે બાકીનુ કામ પણ ચાલી રહ્યુ છે. આગામી દિવસોમાં પેવરકામ પણ ઝડપથી હાથ ધરવામાં આવશે. જયારે આ માર્ગને સિકસલેન બનાવાની યોજના અન્વયે રૂટમાં આવતા અંદાજિત ૭૨૩ જેટલા હરિયાળા વૃક્ષોનો પણ સોથ વળશે આ વૃક્ષોનુ વનતંત્ર દ્વારા માર્કીંગ કરી દેવાયુ છે. જયારે આ વૃક્ષોની કટોતી બદલ વનતંત્રને અંદાજિત રૂ ૧૬ લાખનુ વળતર પણ ચુકવાશે.

શહેરમાં એકબાજુ સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે નવા કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. ત્યારે નવા બિલ્ડીંગોના નિર્માણ સાથે રોડ નેટવર્ક સહીત માળખાગત સુવિધાઓને પણ અપગ્રેડ કરવામાં આવી રહી છે. શહેરના સેકટરોના એપ્રોચ માર્ગ પર ફોરટ્રેક કરવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત નગરના ઉભા અને આડા માર્ગોનુ પણ વાઈડનીંગ અને પેવરકામ ચાલી રહ્યુ છે. ત્યારે નગરના ખ માર્ગ બાદ હાલ નગરના ગ માર્ગને પણ સિકસલેન

● અનુસંધાન પાન-૭ પર



રાત્રિ કર્ફ્યુ - છે તસવીર અમદાવાદની પરંતુ દિવાળીમાં બિન્ધાસ્ત બની અમદાવાદીઓએ ખરીદી કરવામાં લાપરવાહી રાખવાના પરિણામની આ તસવીર છે... ગાંધીનગરના નાગરિકોએ પણ આવી તસવીર ન પડાવવી હોય તો હજુ સાવચેતી રાખવી અનિવાર્ય છે... ચેતી જશો તો સૌનું સારુ થશે.

## શહેરમાં કોરોના સંક્રમણ વધતા આજથી સચિવાલયમાં કોવિડ ટેસ્ટ સેન્ટર શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં કોરોના સંક્રમણના કેસો વધતાં હવે સચિવાલય ખાતે પણ કોરોના ટેસ્ટ સેન્ટર શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

શહેરમાં ચાર અર્બન સેન્ટર ઉપરાંત સે. ૨૧માં તેમજ રક્ષાશક્તિ ખાતે સે. ૩૦ નજીક એરોપ્લેન સર્કલ નજીક આવા ટેસ્ટ સેન્ટર ઉભા કરવામાં આવેલ છે.

વધતા જતા સંક્રમણનો નિયંત્રણમાં રાખવા સચિવાલય સંવર્ગના અધિકારી-કર્મચારીઓના હિતાર્થે અને તેઓ આરોગ્યપ્રદ વાતાવરણમાં કામગીરી કરી શકે તે હેતુસર કોરોના ટેસ્ટ સેન્ટર બ્લોક નં. ૭ ના ભોંયતળિયે આવેલ ફીટનેસ સેન્ટર ખાતે શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

સવારે ૧૦ વાગે આ ટેસ્ટ સેન્ટર શરૂ થશે અને સાંજે ૫ વાગ્યા સુધી તે કાર્યરત રહેશે. બપોરે ૧.૩૦ થી ૨.૩૦ રિસેષનો સમય રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અર્બન હેલ્થ સેન્ટર સેક્ટર-૨, સેક્ટર-૨૪ અને સેક્ટર-૨૧ના ટેન્ટ ખાતે રેપીડ ટેસ્ટ માટે લાઈનો લાગે છે. જ્યારે પ્રવેશ કેન્દ્રો, રક્ષાશક્તિ સર્કલ, સરગાસણ સર્કલ, અને સેક્ટર-૩૦ સર્કલ પાસે ઉભા કરાયેલા ટેન્ટમાં પણ રેપીડ ટેસ્ટ કરાય છે. નવું સેન્ટર ઉમેરાતા શહેરમાં ટેસ્ટીંગ પ્રક્રિયા વધુ ઝડપી અને વ્યાપક બનાવી શકાશે. જેનાથી કોરોના સંક્રમણને અટકાવવામાં ઉપયોગી થઈ શકશે.

# શહેરમાં ૨૫, જિલ્લામાં ૩૫ કેસ સાથે કુલ ૬૦ કેસ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે ૬૦ કેસ નોંધાયા છે. જો કે આજે સંક્રમિતોના કેસ કરતાં ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા વધારે છે.

ગાંધીનગરની સાથે આજે કેસ નોંધાયા તેવુ કહ્યુ છે જ્યારે રાજય સરકારને ૪૭ કેસ નોંધાયાનું તેની સત્તાવાર યાદીમાં જણાવ્યુ છે. શહેર-જિલ્લામાં દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી રહ્યા હોવાથી તંત્રની કામગીરીમાં વધારો થયો જિલ્લામાં કોરોના માટે અતિ સંવેદનશીલ બની ઉભરી આવ્યા છે. જોકે દહેગામ અને માણસામાં પણ અંતરિયાળ ગામોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લામાં આજે નોંધાયેલ દહેગામ અર્બન વિસ્તારમાંથી ૨, ઉપરાંત હરખજીના મુવાડા, પાલુન્દ્રા, ખાનપુર ગામેથી કેસો મળી આવેલ છે.

માણસા તાલુકામાં આજે ત્રણ કેસ નોંધાયા છે. આ ત્રણેય કેસ ગ્રામ્ય વિસ્તાર બાપુપુરા, મળી આવેલ છે.

જિલ્લામાં આજે ૪૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૩ હજાર દર્દીઓ કોરોના મુક્ત થયા છે.

અને મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં આજે નોંધાયેલા દર્દીઓમાં જી.એસ.પી.સી.ના અધિકારી, નાયબ મામલતદાર, પાણીપુરવઠાના કર્મયોગી તેમજ

વધી રહ્યા છે તેને લઈ તંત્રએ આજે પણ મોટીવયના લોકોને અનિવાર્ય ના હોય તો ઘરની બહાર ન નીકળવા અને માસ્ક ફરજીયાત પહેરવા તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગની ગાઈડલાઈનનો અમલ કરવા માટેની અપીલને દોહરાવી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાંથી પાંચ દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

## ગાંધીનગર-કલોલમાં કેસોની સંખ્યા વધી : ગ્રામ્ય વિસ્તારમાં ૩૫ કેસ, શહેરમાં ૨૫ કેસ મળી ૬૦ નવા કેસ, સે. ૨૯ માં નવ વર્ષની ભૂલકી તો સે. ૨ માં ૯૯ વર્ષની વૃદ્ધા સંક્રમિત

કલોલ તાલુકામાં પણ કેસોની સંખ્યામાં પણ ઉછાળો આવતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર એ તંત્રની મુંઝવણમાં વધારો સર્જ્યો છે. જો કે હવે શહેર અને જિલ્લામાં આર.ટી.પી.સી.આર. ટેસ્ટની સંખ્યામાં વધારો કરવાની સૂચનાઓ સરકારે આપી છે.

ગ્રામીણ વિસ્તારમાં કેસોની સંખ્યા સતત વધતી જોવા મળી રહી છે. આજે જિલ્લાતંત્રએ ૩૫ છે. શહેર-જિલ્લામાં થઈ હાલ ૩૦૦ જેટલા દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. તંત્રએ હવે હોમ આઈસોલેશન અંગે કડક તકેદારીના પગલાં ભરવા માટેનું મન બનાવ્યુ હોવાનું પણ જાણવા મળેલ છે.

જિલ્લામાં આજે નોંધાયેલા ૩૫ કેસમાં ગાંધીનગરમાં ૧૪, દહેગામમાં ૫, માણસામાં ૩, કલોલમાં ૧૩ કેસ નોંધાયા છે. ગાંધીનગર, કલોલ તાલુકા દર્દીઓમાં મહિલા દર્દીઓની સંખ્યા ૨૩ જેટલી થવા જાય છે જે પણ તંત્રની ચિંતાનો મુદ્દો બનેલ છે.

ગાંધીનગર તાલુકામાં કુડાસણ, પેથાપુર, રાંદેસણ અને સરગાસણમાં બે-બે કેસ નોંધાયા છે. આ ઉપરાંત શિહોલીમોટી, ધણપ, રાંધેજા, અડાલજ, ભાટ, ઉવારસદમાંથી કેસો મળી આવ્યા છે.

દહેગામ તાલુકામાંથી આજે પાંચ કેસ નોંધાયા છે. ચરાડા, દેલવાડા ગામેથી મળી આવેલ છે.

કલોલ તાલુકામાં આજે કોરોનાએ તેનો પંજો વિસ્તાર્યો છે. કલોલ તાલુકાના વડસર, પલીયડ(વેડા), પાનસર, ધમાસણામાંથી કેસો મળ્યા છે. આ ઉપરાંત લીંબોદ્રામાંથી, સોજામાંથી ૨-૨ કેસ મળી આવ્યા છે.

કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી બે અને કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી બે કેસ

જિલ્લામાં આજે ૧૮૫ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જયારે ૧૫,૦૦૬ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૦૦થી વધુ કન્ટેનમેન્ટ ઝોન આવેલા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

શહેરમાં આજે ૨૫ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. શહેરમાં મોટીવયના દર્દીઓ ૯૯ વર્ષના એક વૃદ્ધાનો પણ સમાવેશ થાય છે.

શહેરમાં આજે નોંધાયેલા ૨૫ કેસમાં ૧૦ મહિલા અને ૧૩ મોટીવયના દર્દીઓ છે.

શહેરમાં આજે સે. ૫ અને સે. ૨ માં ૩-૩ કેસ ઉપરાંત સે. ૧, ૨૨, ૨૯ અને ૨૮ માં ૨-૨ કેસ તેમજ સે. ૪, ૬, ૧૨, ૨૧, ૨૩, ૧૯, ૩, ૭, ૧૫, ૧૭ અને ૮ માંથી પણ કેસો મળી આવ્યા છે.

શહેરમાં જે ગતિએ કેસો

## ગ્રામીણ વિસ્તારમાં સંક્રમિતોના આંકડાઓમાં વિસંગતતા !

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૫ કેસ નોંધાયાનું તંત્ર કહી રહ્યુ છે જ્યારે રાજ્ય સરકારે ૪૭ કેસ નોંધાયાનું જણાવ્યુ છે.

શહેર જિલ્લામાં આજે ૭૯ દર્દીઓને રિકવર થતાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જેમાં ગ્રામ્ય વિસ્તારના ૪૦ અને શહેરમાં ૩૯ દર્દીઓને રિકવરી પ્રાપ્ત થતાં ડિસ્ચાર્જ અપાયેલ છે.

ગ્રામીણ વિસ્તારમાં સંક્રમણના કેસો વધી રહ્યા છે તેથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. ગાંધીનગર અને કલોલમાં કેસો રોકેટગતિએ વધી રહ્યા છે જો કે દહેગામ અને માણસામાં પણ અંતરિયાળ ગ્રામીણ વિસ્તારમાંથી કેસો જે મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

તંત્રએ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં એક લાખ ૨૭ હજાર લોકોના ટેસ્ટ કર્યા છે. જેમાં એક લાખ ૧૩ હજાર જેટલા લોકોના એન્ટીજન ટેસ્ટ કર્યા છે. તંત્રએ હવે આર.ટી.પી.સી.આર. ટેસ્ટની સંખ્યામાં પણ વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
EMERGENCY 24 HOURS SERVICES
સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિકવન્સી એકસ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મહેતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેકચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

૧૫૭ કાઉન્ટર સાથે જીલ્લામાં એન્જિનીયર, બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
કપચી-ગ્રીટ મેટલ
વડાગામ યુનિટ દ્વારા ઉત્પાદિત
BIRLA TMT STEEL પ્રીમીયમ બ્રાન્ડ
હંમેશા એક કદમ આગે
Steel Tiger Award Winner
Build the Trust
Since 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદરાવાળા)
UltraTech CEMENT The Engineer's Choice
૯૮૨૪૨ ૬૧૨૨૫, ૯૮૨૫૦ ૫૧૬૭૫
ગોડાઉન : ખ-૨ ચોકડી, સેક્ટર-૪/સી કોર્નર, ગાંધીનગર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com